# મગરને માથાનો મળ્યો

– વી રામાનુજ

ઉનાળાના દિવસો આવ્યા. સૂરજના તાપથી જળાશયો સુકાવા લાગ્યાં. માછલાંઓ, દેડકાંઓ, કાચબાઓ મરી જવા લાગ્યાં. તળાવના બીજા બધા જીવો પણ પાણી વગર તરસ્યા મરી ગયા.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી–ખોરાક વગર મગર પણ મરવા પડયો.

ભૂખ્યો–તરસ્યો મગર ન હાલી શકે, ન ચાલી શકે. સૂકી ધરતી પર પડયો પડયો તે કોઈના આવવાની રાહ જોવા લાગ્યો. એટલામાં ભૂખ્યા–તરસ્યા મગરે દૂર એક ખેડૂતને જતો જોયો.

મગરે બૂમ પાડી કહ્યું, ''ઓ ખેડૂતભાઈ, અહીં પાણી અને ખોરાક વગર ભૂખ્યા–તરસ્યા મારો જીવ જાય છે. તમે મને પાણી પાસે લઈ જાવ જેથી મારો જીવ બચે, ભગવાન તમારું ભલું કરશે.''

ખેડૂતે કહ્યું, ''તને લઈ જાઉં તો ખરો, પણ પાણીમાં ગયા પછી તું મને સાથે ઘસડી લે તો ?''

મગર બોલ્યો, ''ખેડૂતભાઈ, હું તમને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડીશ નહિ. તમે વિશ્વાસ રાખો.''

ખેડૂતે મગરને મહામહેનતે પૂંછડીથી ખેંચી દૂર એક પાણીના ખાડામાં નાખ્યો. પાણીમાં પડતાં જ મગરમાં તાકાત આવી.

મગરે ખેડૂતનો પગ પકડયો. ખેડૂતે મગરને પગ છોડી દેવા ખૂબ આજીજી કરી પણ મગરે ખેડૂતનું માન્યું નહિ. એ તેને પાણીમાં વધુ ઊંડે ને ઊંડે ખેંચવા લાગ્યો.



ખેડૂતે કહ્યું, ''મગર, મરતાં પહેલાં મારી એક ઈચ્છા છે એ તો પૂરી કર. પછી મને મારીને ખાઈ જજે.''

મગર કહે, ''બોલ, તારી અંતિમ ઇચ્છા શી છે ?''

ખેડૂત બોલ્યો, ''જો, દૂર પેલો લંગડો ઘોડો અને ઊંટ ચરે છે તેની પાસે આપણી વાતનો ન્યાય કરાવવાની મારી ઇચ્છા છે.''

ખેડૂતે ઘોડાને પાસે બોલાવી પોતાની વાત કરી ન્યાય કરવા વિનંતી કરી.

ઘોડો ન્યાય આપતાં બોલ્યો, ''મગર, તું ખેડૂતને ખુશીથી ખા. માણસની જાત નગુણી છે. મારા માલિકે મારી પાસે ઘણાં વર્ષો સુધી ચાકરી કરાવી. હવે હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો.''

ઘોડાની વાત સાંભળતાં જ મગર ખેડૂતને જોરથી ખેંચવા લાગ્યો.

ખેડૂતે ઊંટને ન્યાય કરવા જણાવ્યું. ઊંટે પણ ઘોડાની જેમ જ ન્યાય આપ્યો.

થોડી વારે એક શિયાળ ત્યાંથી નીકળ્યું. શિયાળને જોઈને ખેડૂતે ન્યાય કરાવવા માટે મગરને છેલ્લી વિનંતી કરી. મગરે તેની વાત માની.

ખેડૂતે શિયાળને મગરની લુચ્ચાઈની બધી વાત કરી. શિયાળ ભારે હોશિયાર હતું. તે સમજી ગયું કે, 'ખેડૂત બિચારો મગરની વાતમાં આવી ગયો છે. તેને મારે કોઈ પણ રીતે એના મોંમાંથી છોડાવવો જ પડશે.''

શિયાળ મગરની છેતરપિંડીની વાત સમજી ગયું હતું. છતાં પોતે કશું જ સમજ્યું ન હોય એવો ડોળ કરી બોલ્યું, ''મગરભાઈ, તમે જ મને બધી વાત વિગતવાર સમજાવો. તો વાત કરતાં પણ આવડતી નથી.''

ફૂલણશી મગર શિયાળની ચાલાકી સમજ્યો નહિ. તે તો માંડયો મોટે મોટેથી વાત કરવા.

જેવો મગર બોલવા ગયો કે ખેડૂતનો પગ તેના મોંમાંથી છૂટી ગયો. શિયાળે ખેડૂતને ભાગી છૂટવા ઇશારો કર્યો. ખેડૂત તો જીવ લઈને ભાગી છૂટયો.

મગર આંખો મીંચીને પોતાની બહાદુરીનાં બણગાં ફૂંકવામાં મશગૂલ હતો. તેને આજુબાજુનું કંઈ ભાન ન હતું.

શિયાળ પણ લાગ જોઈને પટેલની સાથે જ ત્યાંથી રફુચક્કર થઈ ગયું.

■